# સંપાદકીય

## વિપક્ષોને પડકાર

સરકાર અને વિપક્ષ વચ્ચે હવે નવા સંઘર્ષનો તબક્કો શરૂ થઈ રહ્યો છે. વિપક્ષને દુ:ખે છે પેટ અને કૂટે છે માથું-એવી સ્થિતિ છે. ઉત્તરપ્રદેશ, પંજાબ વગેરે રાજ્યોની ચૂંટણીમાં ભાજપને રોકવા માટે મહાગઠબંધનનો મંચ-માંચડો ઊભો કરવાનો પ્રયાસ નિષ્ફળ ગયા પછી હવે પાંચસો-હજારનો મુદ્દો મળ્યો છે અને ગરીબો બેહાલ થયા છે એવા પ્રચાર અને આક્ષેપ શરૂ થયા છે. મમતા બેનરજી અને કોંગ્રેસ વચ્ચે સ્પર્ધા છે કે વિપક્ષની 'એકતા' માટે કોણ સફળ થાય? મમતા બેનરજીએ રાષ્ટ્રપતિજીનો સમય માગ્યો અને મળ્યો તેની નવાઈ નથી, પણ મમતાદીદીના પ્રતિનિધિમંડળમાં કોણ જોડાશે? માર્ક્સવાદી? કોંગ્રેસ? બીજી બાજુ કોંગ્રેસે વિપક્ષી નેતાઓની બેઠક બોલાવીને સંસદમાં જ સરકાર ઉપર હુમલો બોલાવવાનો નિર્ણય કર્યો છે. ગરીબોના નામે મહત્ત્વના આર્થિક સુધારાનો વિરોધ થઈ રહ્યો છે, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ જંગ સંસદ ઉપરાંત જનતાના દરબારમાં લઈ ગયા છે. આઠ નવેમ્બરે ઘોષણા પછી પ્રથમ વેળા જાહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું છે કે બ્લેક મની અને ભ્રષ્ટાચાર વિરુદ્ધ આ ફક્ત પ્રથમ પગલું છે અને આવનારા સમયમાં વધુ કડક પગલાં ભરવામાં આવશે. વડાપ્રધાને ૫૦ દિવસની જે મુદત માગી છે તે એમની રાજનીતિક દૃઢતાનું પ્રતીક છે. આઝાદી પછી લાગેલા ભ્રષ્ટાચારના મહારોગને પહોંચી વળવા માટે આવી જ કોઈ કડક કાર્યવાહી કે તેનાથી વધુ કડક કાર્યવાહીની આવશ્યકતા છે જ. આમજનતાના સકારાત્મક પ્રત્યાઘાતનું જ પરિણામ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોવા અને પછી કર્ણાટકમાં કોઈપણ જાતના સંકોચ વિના સ્પષ્ટ કહ્યું છે કે, કાળાં નાણાંના કારોબારીઓને તેઓ છોડવાના નથી અને નોટો રદ કરવાનો નિર્ણય તો આ દિશામાં પ્રથમ મોટું પગલું છે. તેમણે હવે પછીનાં નિશ્ચિત પગલાંનો અણસાર આપી દીધો છે કે બેનામી સંપત્તિઓની તપાસ શરૂ થશે. સરકારની જવાબદારી છે કે લોકોએ જે વિશ્વાસ મૂક્યો છે તે યથાર્થ ઠરે. નરેન્દ્ર મોદીએ લોકોને રાહત આપી હાલ તેમની તકલીફોના ઘા પર મલમપટ્ટી કરવાનું કામ કર્યું છે. તેમણે સાચું જ કહ્યું છે કે, વર્ષો જૂનાં કાળાં નાણાં અને ભ્રષ્ટાચારના મહારોગ પર રાતોરાત ઉપચાર થઈ શકે નહીં, તેના માટે લોકોએ ધીરજ રાખવી આવશ્યક છે. આમ છતાં વિપક્ષો આ મામલામાં લોકઆક્રોશના અગ્નિ પર રાજકીય રોટી શેકવા હજી પણ તત્પર છે.

# સોયાબીન બમ્પર પાકતાં સોયાખોળની નિકાસ પેરીટી પોઝીટીવ બની

દેશમાં પાછલા બે વર્ષ ચોમાસું નબળું નિવડયા પછી આ વર્ષે વરસાદ સારો વરસ્યો છે અને તેની પોઝિટીવ અસર કૃષી ક્ષેત્ર તથા અર્થતંત્ર પર દેખાઈ છે. ઘણા કૃષી પાકોના ઉતારાનો અંદાજ ઉંચો મૂકાતો થયો છે.

આ વર્ષે વિવિધ તેલિબિંયાનો પાક પણ બમ્પર આવવાની આશા બજારના જાણકારો બતાવી રહ્યા છે. સિંગદાણાનો પાક ગુજરાત, સૌરાષ્ટ્ર તથા આંધ્ર-કર્ણાટક, રાજસ્થાન તથા મધ્ય પ્રદેશ બાજુ બમ્પર મનાઈ રહ્યો છે. જોકે સિંગદાણામાં લાભ પાંચમ પછી મથકોએ નવી આવકો વધવાની જે અપેક્ષા હતી તેની સરખામણીએ તાજેતરમાં નવી આવકો ઓછી રહી છે અને સામે સિંગદાણામાં નિકાસ માગ સારી રહેતાં મથકોએ લાભપાંચમ પછી ભાવો ઘટવાની જે ધારણા હતી તેના બદલે ભાવો ઉંચા બોલાતા થયાના નિર્દેશો હતા.

જોકે પાક બમ્પર છે એ જોતાં સિંગદાણામાં હવે ટૂંકમાં નવી આવકો ફરી વેગ પકડશે તથા ભાવમાં ઉછાળા ઉભરા જેવા નિવડશે એવી શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા છે. સિંગદાણા ઉપરાંત આ વર્ષે દેશમાં સોયાબીનનો નવો પાક પણ ઉંચો અંદાજાઈ રહ્યો છે. દેશમાં વિવિધ તેલિબિયાંનો પાક બમ્પર આવશે અને બજાર ભાવો નીચા આવશે તો વિશ્વ બજાર પર પણ તેની અસર પડવાની શક્યતા છે.

ભારતમાં સોયાબીન પ્રોસેસર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ દેશમાં આ વર્ષે સોયાબીનનો પાક બમ્પર આવવાની આશા છે. સોયાના જણાવ્યા મુજબ દેશમાં સોયાબીનનો ખરીફ પાક આશરે ૧૧૫ લાખ ટન જેવો રેકોર્ડ બ્રેક આવવાની શક્યતા છે.

જોકે આ પાકનો અંદાજો અગાઉ આશરે ૧૦૯ લાખ ટનનો મૂકાયો હતો તે અંદાજો હવે વધુ ઉંચો ૧૧૫ લાખ ટન મૂકવામાં આવતાં ઘણા ખેલાડીઓ સ્તબ્ધ બન્યા છે. વાયદા બજારમાં તેજીવાળા ચિંતીત બન્યા છે સામે મંદીવાળાઓ નવું કારણ હાથવગું બન્યું છે. દેશમાં સોયાબીન વધુ પાકતાં તેના પગલે ઘરઆંગણે સોયાખોળની સપ્લાય વધવાની અને ભાવો નીચા ઉતરવાની શક્યતા જોતાં આગળ ઉપર દેશમાંથી વિશ્વ બજારમાં સોયાખોળની નિકાસને ફરી વેગ મળે અવો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. તાજેતરમાં ભારતથી સોયાખોળની નિકાસમાં ૫૫થી ૬૦ ટકાનો ઘટાડો નોંધાયો છે પરંતુ આગળ ઉપર હવે આવી નિકાસ વધુ ઘટવાના બદલે વધવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા છે. સોયાબીન પ્રોસેસર્સ એસોસિયેશન સોયા દ્વારા સોયાબીનના પાકનો જે અંદાજ મૂકવામાં આવ્યો છે તેનાથી પણ ઉંચો પાક અંદાજ કેન્દ્રના કૃષિ ખાતા દ્વારા બહાર પાડવામાં આવતાં મુંઝવણ વધી છે. સરકારના અંદાજ મુજબ સોયાબીનનો નવો પાક આ વર્ષે વધી ૧૪૨થી ૧૪૩ લાખ ટન આવવાની શક્યતા છે જે પાછલા વર્ષે ૮૫થી ૮૬ લાખ ટન આવ્યો હતો. જોકે બજારના પીઢ વેપારીઓના જણાવ્યા મુજબ સરકાર દ્વારા રજૂ કરાયેલો પાક અંદાજ વધુ પડતો ઉંચો રજૂ કરાયો છે. તેની સરખામણીએ સોયા દ્વારા રજૂ કરવામાં આવેલો પાકનો અંદાજો વધુ વાસ્તવિક મનાઈ રહ્યો છે! ઔઔદેશમાં હાલ ઓલ ઈન્ડિયા સ્તરે સોયાબીનની નવી આવકો દૈનિક સરેરાશ ૮ લાખ ગુણી આવી રહી છે. સોયાખોળના ભાવોમાં ભારતના બજારો તથા વિશ્વના બજારો વચ્ચે તાજેતરમાં જિસ્પેરીટી સર્જાતાં ભારતથી સોયાખોળની નિકાસને ફટકો પડયો છે. વિશ્વ બજારમાં તાજેતરમાં સોયાખોળના ભાવો ટનના ૩૬૫થી ૩૭૦ ડોલર આસપાસ રહ્યા છે. તેની સામે ભારતના બજારોમાં ભાવો ૪૦૫ થી ૪૧૦ ડોલર રહેતાં નિકાસ રુંધાઈ હતી. જોકે હવે આવી નિકાસ ફરી વધવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા છે. ઘરઆંગણે ગયા વર્ષે હેકટરદીઠ સોયાબીનનો ઉતારો આશરે ૬૨૫થી ૬૩૦ કિલો ઉતર્યો હતો તે આ વર્ષે હજાર કિલો જેટલો આવી રહ્યો હોવાનું જાણકારોએ ઉમેર્યું હતું.

# ૫૦૦-૧૦૦૦ની નોટો રદ કરવાથી 'બ્લેકમની' બહાર આવશે?

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ તાત્કાલિક અસરથી ચલણમાંથી પાછી ખેંચી લઈને સરકારે બ્લેકમની ઉપર ખરા અર્થમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી છે.

દિવાળી પૂર્વે બજારમાં એવી અફવા ઊડી હતી કે કેન્દ્ર સરકાર ફુગાવાને ડામવા તથા અર્થતંત્ર પરથી કાળા નાણાંનો ઓછાયો દૂર કરવા ૫૦૦ તથા ૧૦૦૦ રૂપિયાની નોટો એકાએક ચલણમાંથી પાછી ખેંચી લેશે. દેશના અર્થતંત્ર પરથી કાળાં નાણાંનો ઓછાયો દૂર કરવા મોદી સરકાર અતિ જલ્દ પગલાં લેશે એવી વાતોથી ત્યારે ચલણી નોટો રદબાતલ થવાની અફવાએ વધુ જોર પકડયું . તેમાં પાછું કેટલાંક નેતાઓએ પણ આ સંદર્ભમાં નિવેદનો કર્યાં એટલે વાત સાચી હોવાના સંકેત મળ્યા હતા.

દેશમાં કાળાનાણા પર નિયંત્રણ કરવા રૂપિયા એક હજાર અને પાંચસોની નોટોને તાત્કાલીક ચલણમાંથી દૂર કરવાની વાત તાજેતરમાં આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજકારણમાં રહેલા કેટલાક લોકો પ્રજાના આદેશનો દૂરૂપયોગ કરે છે. હું વડા પ્રધાનને પત્ર લખી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને ચલણમાંથી દૂર કરવા અને માત્ર બેંકની જ લેવડદેવડ કરવા વિનંતી કરીશ'

છેલ્લા કેટલાક મહિનાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાપ્રધાન અરુણ જેટલી અર્થતંત્રની હાલત પરત્વે ચિંતિત હતા અને કોઈક મોટા પરિવર્તનની શક્યતા તો હતી જ. એમાં વડાપ્રધાનની મહત્ત્વની જાહેરાતથી કાળા નાણાંનો ભોરિંગને નાથવા સરકાર કૃતનિશ્ચયી છે એ વાત ફરીથી સાબિત થઈ છે. આ ઉદ્દેશ પાર પાડવા ચલણી નોટો રદ કરવાનું પગલું સૌથી ક્રાંતિકારી અને જલદ ગણાય.

છેક ૧૯૨૯માં સિલ્વીયો ગેસલે તેના પુસ્તક 'ધી નેચરલ ઈકોનોમિક ઓર્ડર'માં નોટોના રદ્દીકરણનું સૂચન કર્યું હતું. અત્યારે ભારત સરકાર તમામ નોટ રદ્દ કરી તો તેની સામે નવી નોટો છાપવાનું અને તેનું વિતરણ કરવા ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચાય એવી શક્યતા છે. નોટો છાપવા માટે ખાસ પ્રકારની શાહી વિદેશથી મગાવવી પડે. અને એક સાથે વધુ પ્રમાણમાં નોટો છાપવી હોય ત્યારે તો કરન્સી નોટનો કાગળ પણ આયાત કરવો પડે. આ બધું કામ કડાકૂટવાળું છે. નોટો રદ્દ કરાય તો આર્થિક વ્યવહાર અટકી પડે એટલા માટે જૂની રદ્દ થયેલી નોટોના સ્થાને નવી નોટો ઈશ્યુ કરવા દેશની ૨૦,૦૦૦ જેટલી ટ્રેઝરી ઓફિસો, બેન્કો તેમ જ ૧૪૦૦૦ થી વધુ પોસ્ટ ઓફિસનો ઉપયોગ કરવો પડે. આ વિતરણ વ્યવસ્થા જ બહુ મોટી કવાયત પૂરવાર થાય. આ પળોજણમાં પડવાનું સામાન્ય રીતે તંત્ર પસંદ કરતું નથી, પણ એનડીએ સરકારે એ કરી દેખાડવા જેટલી હિંમત દર્શાવી.

જાપાને ૧૯૬૪માં, રશિયાએ ૧૯૧૭માં અને ચીને ૧૯૪૯માં તેમના ચલણમાંથી બધી નોટો રદ્દાતલ કરી હતી. ૧૯૫૬માં ઈજિપ્તના નાસરે અને બાંગ્લાદેશની રચના થયા પછી શેખ મુજીબુરે તેમના દેશની બધી ચલણી નોટો રદ્દ કરી નવું ચલણ શરૂ કર્યું હતું.

ભારતમાં નોટો રદ્દ કરવાનું પગલું પહેલીવાર અંગ્રેજ સરકારે ૧૯૪૬માં ભર્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પછી ફુગાવો વધ્યો ત્યારે બ્રિટિશ સરકારે રૂપિયા ૧૦૦૦ની નોટો રદ્દ કરવાનો નિર્ણય લીધેલો.

એ સમયે ચલણમાં ૧૪૩ કરોડ રૂપિયા જેટલી એક હજાર રૂપિયાની નોટો હતી. સત્તાધીશો માનતા હતા કે આવડી મોટી રકમનું કાળું નાણું બહાર આવશે. પરંતુ માત્ર ૯ કરોડ રૂપિયા જેટલી રકમની નોટો બદલવા કોઈ આવ્યું નહોતું. ડિમોનેટાઈઝેશન (વિમુદ્ર કરણ) કરવાથી ઘણી મોટી રકમ (કાળું નાણું) ચલણમાંથી નાબૂદ થઈ જશે તે આશા હમેશાં ઠગારી નીવડી છે.

મોરારજી દેસાઈની સરકારે ૧૯૭૭માં ૧૦૦૦ રૂપિયાની નોટ રદ્દ કરી છતાં કાળા નાણાંની સમાંતર દુનિયા પર એની ખાસ અસર નહોતી થઈ.

અત્યારે કરચોરી કરનારાઓ, દાણચોરો, કેફી દ્રવ્યોની હેરાફેરી કરનારાઓ ૧૦૦૦ની નોટો પર ઘણો મદાર રાખે છે. ૫૦૦ની નોટો ચલણમાં દાખલ કર્યા પછી તેની હેરફેર પર નજર રાખવાનો કોઈ બંદોબસ્ત સરકારે ન કર્યો તો ટૂંક સમયમાં પાંચસોની નોટો કાળા બજારિયાઓ માટે વરદાનરૂપ સાબિત થઈ.

અત્યારે એક રૂપિયાની કિંમત ૧૩ પૈસા જેટલી છે તેવું અર્થશાસ્ત્રીઓ કહે છે. આપણા દેશમાં દર વર્ષે ફુગાવો ૧૫ ટકા વધતો જાય છે. એટલે ભાવો દર પાંચ વર્ષે ડબલ થઈ જાય, વીસ વર્ષમાં ૧૬ ગણા અને ૭૦ના સરેરાશ આયુષ્ય દરમિયાન ભાવ ૧૦,૦૦૦ ગણા વધી જાય છે!

અર્થતંત્ર ફુગાવાના ઘોડે ચઢ્યું હોય ત્યારે તે ઘોડાને નાથવા માટે ચલણી નોટોની નાબૂદીનો લગામ તરીકે ઉપયોગ કરવાનું સૂચન પહેલીવાર જર્મન અર્થશાસ્ત્રી હર્મન વોલ્ટે કર્યું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મનીમાં ઓગસ્ટ ૧૯૨૨ થી નવેમ્બર ૧૯૨૩ની વચ્ચેના ૧૫ મહિનાના ગાળામાં ચીજોના ભાવ ૧૦ અબજ ગણા વધ્યા હતા! 'હાઈપર ઈન્ફ્લેશન' તરીકે ઓળખાતો આ ભાવવધારો એટલો ઝડપથી વધી રહ્યો હતો કે માલિકોએ તેમના કર્મચારીઓને દિવસમાં બે વાર પગાર આપવો પડતો! કોલસા ખરીદીને રસોઈ રાંધવાને બદલે લોકો માર્ક (જર્મન ચલણ)ની નોટો બાળીને ચૂલો સળગાવવાનું પસંદ કરતા.

અગાઉ ભારત સરકારે ૫૦૦ રૂપિયાની નોટો ઉપરાંત ૧૦૦૦ રૂપિયાના સિક્કા બહાર પાડવાનો નિર્ણય પણ લીધો હતો. ૧૦૦૦ રૂપિયાની નવી ચલણી નોટો રદ્દ થયા પછી તેની ખોટ પૂરવા નવી નોટો અથવા સિક્કા બહાર પાડવાનું ઘણાં વર્ષોથી વિચારાતું રહ્યું છે. પરંતુ સિક્કો બહાર પાડવા જતાં સોના કરતાં ઘડામણ મોંઘુ જેવા ઘાટ ઊભો થવાનો ડર છે. અનુભવ પરથી જણાયું છે કે સરકારને એક રૂપિયાનો એક સિક્કો બનાવવા ૪૨ પૈસાનો ખર્ચ કરવો પડે છે. જ્યારે એક રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ માત્ર સાત પૈસા જેટલો થાય છે. આ ખર્ચના તફાવતને લઈને સરકાર લાંબા સમયથી દ્વિધામાં પડી હતી કે હજાર રૂપિયાની નવી નોટ છાપવી કે સિક્કા બનાવવા? આ સમસ્યાની બીજી એક બાજુ એ પણ છે કે હજાર રૂપિયા જેવી ભારે રકમનો સિક્કો બનાવવો હોય તો સોના જેવી મૂલ્યવાન ધાતુ પણ વાપરવી પડે. દેશના આંતરિક ચલણમાં સોનાનો સિક્કો મૂકવો તે કંઈ નાનીસૂની વાત નથી. વળી સોનાના સિક્કા પાડવા કરતાં હજારની નોટ છાપવી સહેલી પડે છે. જાણકારો કહે છે કે મોડા વહેલા સરકાર સિક્કાને બદલે હજારની કે ૧૦,૦૦૦ની નવી નોટ છાપવાનું પસંદ કરે તો નવાઈ નહીં.

## એસબીઆઈ જનરલ ઈન્શ્યુરન્સ સ્ટડીમાં ભારતમાં ડાયાબીટીસની વધતી ઘટનાઓ ઉજાગર

**અમદાવાદ,** ભારતમાં ઝડપથી વૃદ્ધિ પામતી જનરલ ઈન્શ્યુરન્સ કંપનીમાંથી એક એસબીઆઈ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિ.એ ડબ્લ્યુએચઓ દ્વારા નોંધ કર્યા અનુસાર ડાયાબીટીસ ૨૦૩૦ સુધી દુનિયામાં સૌથી વધુ મારક બની શકે તે વિશે જાગૃતિ ફેલાવવા માટે વર્લ્ડ ડાયાબીટીસ ડેના અવસરે તેમના દાવાઓના ડેટા પર અધ્યયન કર્યું હતું.

ડાયાબીટીસનો બોજ વૈશ્રવિક સ્તરે ખાસ કરીને વિકસતા દેશોમાં વધી રહ્યો છે. તેનાં કારણો જટિલ છે, પરંતુ મોટે ભાગે વજન, સ્થૂળતા અને શારીરિક અસક્રિયતામાં ઝડપી વધારો તેમાં વધુ કારણભૂત છે.

આવા સંજોગોમાં વર્લ્ડ ડાયાબીટીસ ડે ૨૦૧૬ સાથે જોડાણમાં એસબીઆઈ જનરલ ઈન્શ્યુરન્સે ડાયાબીટીસ સામે કરાયેલા દાવાઓમાં પ્રવાહોની ખોજ કરવા માટે આંતરિક દાવાઓના ડેટાનું વિશ્લેષણ કર્યું હતું.

એસબીઆઈના દાવાઓ પરના સામાન્ય અભ્યાસમાં એવું બહાર આવ્યું છે કે દર વર્ષે દાવાઓની સંખ્યા વધી રહી છે અને મોટા ભાગના દાવાઓ મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી આવે છે, જે બંને રાજયમાં મળીને ૧૮ ટકા છે, જ્યારે ૧૦ ટકા સાથે તામિલનાડુનો તે પછી ક્રમ આવે છે. ઉપરાંત કન્ઝર્પેટિવ ટ્રીટમેન્ટ માટે વધુ સંખ્યા નોંધાઈ છે, જે ૨૪ ટકા સાથે સર્જિકલ ટ્રીટમેન્ટની તુલનામાં ૭૬ ટકા છે. કન્ઝર્વેટિવમાં મોઢેથી લેવાની દવાઓ, ઈન્સુલિન કે આઈવી દવાઓનો સમાવેશ થાય છે, જ્યારે સર્જિકલ એ ઓપરેશન કે મધ્યસ્થીની આવશ્યકતા ધરાવતી ટ્રીટમેન્ટ તરીકે વ્યાખ્યા કરવામાં આવી છે. (૧૯-૮)

## કંપની સેક્રેટરીઝનું ૪૪મું રાષ્ટ્રીય અધિવેશન ૧૭થી ૧૯ નવેમ્બર દરમિયાન ગાંધીનગરમાં યોજાશે




**અમદાવાદ,** વૈશ્વિક રૂપાંતરણનાં પરિપ્રેક્ષ્યમાં ભારતમાં પણ પરિવર્તનનો પ્રવાહ શરૂ થઈ ચૂક્યો છે. ભારત દેશનાં સાચા સશક્તિકરણ માટે ગરીબી નાબૂદી, કૃષિ સુધારાઓ, પારદર્શકતા, રોજગારીનું સર્જન, આંતરમાળખાનો વિકાસ તેમજ સરળતા અને સુગમતા સાથે વ્યાપાર સ્થાપિત કરવો જેવા મુદ્દાઓ અગત્યના છે. ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (આઈસીએસઆઈ) દ્વારા 'પાવરીંગ ગવર્નન્સ-એમપાવરીંગ સ્ટેક હોલ્ડર્સ' થીમ પર કંપની સેક્રેટરીઝનું ૪૪મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૧૭થી ૧૯ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન ગાંધીનગરનાં મહાત્મા મંદિરમાં યોજાઈ રહ્યું છે.

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (આઈસીએસઆઈ)નાં પ્રેસિડેન્ટ સીએસ મમતા બિનાણીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે ભારત નિર્માણ, સ્ટીલ ઈન્ડિયા, સ્માર્ટ સિટીઝ, સ્વચ્છ ભારત, જનધન યોજના, ડિજીટલ ઈન્ડિયા, ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, ઈ-ગવર્નન્સ વગેરે જેવી જનસમુહને અસર કરતી મોટી ઝુંબેશ હાથ ધરી છે. આવી યોજનાઓ છેવાડાના માનવીઓ સુધી વ્યવસાયિક રીતે કાર્યરત ચેનલો દ્વારા જ પહોંચી શકે છે. વૈશ્વિકપણે વ્યવસાયિકોની નિપૂણતા દ્વારા જ આવી સેવાઓ અસરકારક બને છે અને તેના કારણે હકારાત્મક રૂપાંતરણ શક્ય બને છે. ભારતની વાર્તા પણ ભિન્ન નથી. કંપની સેક્રેટરીઝનાં સ્વરૂપમાં વ્યવસાયિક સંશાધનોનો ઉપયોગ રમતમાં પરિવર્તન લાવનાર સાબિત થઈ શકે છે. કોર્પોરેટ ગવર્નન્સ, કંપની લો, કોમ્પીટીશન લો, બેન્કરપ્સી અને ઈન્સોલવન્સી લો, ગુડઝ અને સર્વિસ ટેક્સ વગેરે કાયદાઓનાં કોમ્પલાયન્સ મેનેજમેન્ટ વગેરે સ્ટેક હોલ્ડર્સ સશક્તિ કરણમાં પ્રદાન કરે છે. ગવર્નન્સ અને કોમ્પલાયન્સને લગતા મુદ્દાઓને હેન્ડલ કરવાનું સામર્થ્ય કંપની સેક્રેટરીઝ ધરાવે છે. (૨૨-૧)

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4.

## પેટીએમ હવે ૧૦ ક્ષેત્રીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે

ભારતની સૌથી મોટી મોબાઈલ ચૂકવણી અને વેપાર પ્લેટફોર્મ, પેટીએમ કરોડો ભારતીયને ભાષાની બાધાઓને હરાવવા અને પોતાના પસંદીત ક્ષેત્રીય ભાષામાં ખરીદી કરવામાં સક્ષમ બનાવવા હેતુ પોતાના બહુભાષીય ઈન્ટરફેસને રજૂ કરવા માટે તૈયાર છે.

એંડ્રોય્ડ પર પેટીએમના યૂઝર ઈન્ટરફેસ અંગ્રેજીમાં અને ૧૦ અલગ-અલગ ક્ષેત્રીય ભાષાઓ એટલે કે હિન્દી, તમિલ, તેલુગુ, ગુજરાતી, મરાઠી, બગાળી, કન્નડ, મલયાલમ, ઉડિયા અને પંજાબીમાં ઉપલબ્ધ હશે. પેટીએમ અનેક ક્ષેત્રીય ભાષાઓવાળા ઈન્ટરફેસ રજૂ કરતા ભારતનું પ્રથમ મોબાઈલ ચૂકવણી અને વેપાર પ્લેટફોર્મ છે. આની સાથે, પેટીએમ પોતાની પહોંચ ભારતના એ ૧૦૦ મિલિયનથી વધુ સ્માર્ટફોન વપરાશકર્તા સુધી વધારવાની આશા કરે છે જે ક્ષેત્રીય ભાષામાં ઈન્ટરનેટ – આધારિત સેવાઓ પસંદ કરે છે.

પેટીએમના સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ દીપક અબ્બોટે કહ્યું કે, પેટીએમમાં અમારી ટીમ દરેક નવા ફીચરને ડિઝાઈન કરવામાં કલાક વીતાવે છે અને આ નાનામાં નાની જાણકારી માટે પણ અભિભૂત છે. આ નવા પગલાથી અમે ટિઅર ૨ અને ટિઅર ૩ શહેરોમાં પોતાના ગ્રાહકોના આધારે ૪૦ થી ૭૦ ટકા સુધી લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સમગ્ર ભારતમાં ૮,૫૦,૦૦૦થી વધુ ઑફલાઈન વેપારી પોતાના અધિમાન્ય ચૂકવણી વળાંક રૂપે પેટીએમનો સ્વીકાર કરે છે. પેટીએમને સમગ્ર રીતે લગભગ દરેક જગ્યાઓમાં સ્વીકાર કરવામાં આવે છે જેમકે ટેક્સી, ઓટો, પેટ્રોલ પંપ, ગ્રૉસરી શૉપ, રેસ્ટોરેંટ, કૉફી શૉપ, મલ્ટીપ્લેક્સ, પાર્કિંગ, ફાર્મેસી, હોસ્પિટલ, કરિયાણા દુકાન, ન્યૂઝપેપર વિક્રેતા અને બીજું ઘણું બધું. (૧૯-૧૦)

## દ્વારકામાં ૧૯થી ૨૧ નવેમ્બર દરમિયાન ચોથું પંચગવ્ય ચિકિત્સા સંમેલન યોજાશે




**અમદાવાદ,** ભારતમાં ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. આયુર્વેદ ઔષધિઓમાં ગાયનાં ગૌમુત્ર, છાણ, દૂધ, છાશ અને ઘીનો ઉપયોગ થાય છે. ગાયની આ બાયપ્રોડક્ટસને સંયુક્તપણે પંચગવ્ય તરીકે ઓળખવામાં આવે છે. ભારતની આ પ્રાચીન તબીબી વિદ્યાની લોકપ્રિયતા અને વપરાશ વધી રહ્યા છે. ભારતમાં આ જ્ઞાનનાં વધુ વિચારવિર્મશ માટે તા. ૧૯ થી ૨૧ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન દેવભૂમિ દ્વારકામાં ચોથું પંચગવ્ય ચિકિત્સા મહાસંમેલન યોજાઈ રહ્યું છે.

પંચગવ્ય ગુરૂકુલમ્ – કાંચીપુરમનાં પંચગવ્યસિધ્ધ શ્રી સુદીપ પંડિતે મહાસંમેલન અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ભારતમાં ૧૯ પ્રદેશ અને ભારતની ૧૧ ભાષાઓમાં ૧૨૦૦ પંચગવ્ય ચિકિત્સા વિજ્ઞાનનાં ગવ્ય સિધ્ધો આ મહાસંમેલનમાં એકત્રિત થશે. જેમને ગવ્ય સિદ્ધાચાર્ય ડો. નિરંજનભાઈ વર્માનું માર્ગદર્શન મળશે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'આ મહાસંમેલનમાં રોજ વિશેષ પંચમહાભૂત પૂજા, ગવ્યસિધ્ધ શિષ્ય ડોક્ટરો, સંચાલક વગેરે માટે વિશેષ શિક્ષણ આયોજન, ગૌમાતાથી નિરોગી ભારત ફેરી (પદયાત્રા) જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પંચગવ્ય વિશ્વવિદ્યાલયનું નિર્માણ અને નવા અભ્યાસક્રમનું ચલચિત્ર સત્ર પણ રાખવામાં આવ્યું છે.'

તેમણે ઉમેર્યું કે, ભારત સરકારે પંચગવ્ય વિજ્ઞાનને પંચગવ્ય ચિકિત્સા તરીકે માન્યતા આપી છે, જે આયુષ વિભાગની નીચે આવે છે.(૨૨-૧)

## ટાટા હિટાચીઃ મજબૂત પ્રોડક્ટ્સ અને દૃઢ સંબંધો સર્જવા લાભદાયી ટેકનોલોજી




**કોલકાતા,** ટાટા હિટાચી કન્સ્ટ્રક્શન મશીનરી કુ. પ્રા. લિ. પાંચથી વધુ દાયકાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માઈનીંગ સેક્ટરના વિકાસમાં યોગદાન આપે છે. ભારતની વર્કિંગ કંડિશન્સ પ્રમાણે વિશ્વસ્તરની પ્રોડક્ટ્સ વિકસાવવા અંગે લક્ષ આપે છે. સંસ્થાની પ્રોડક્ટ લાઈનઅપમાં એક્સકેવેટર્સની વિશાળ રેન્જ સામેલ છે જેમકે ટુટી-૮૦૦ટી એક્સકેવેટર્સ, ૩પટીથી ૨૯૦ટી મજબૂત ડમ્પ ટ્રક્સ, વ્હીલ લોડર્સ, બેકહૂ લોડર્સ અને મોટર ગ્રેડર્સ વગેરે.

ટાટા હિટાચી મજબૂત ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક દ્વારા ગ્રાહકો સુધીની પહોંચને પ્રાધાન્ય આપે છે જેનાથી પ્રોડક્ટ્સ સર્વિસ અને વેચાણમાં મદદ મળે છે. વિશાળ નેટવર્કમાં માર્કેટીંગ હેડ ઓફિસ, પ્રાદેશિક ઓફિસો, બ્રાન્ચ ઓફિસો અને ડિલરશીપ્સ સામેલ છે જે દેશભરમાં વિવિધ સ્થળે ઉપસ્થિત છે. આ ઉપરાંત ફુલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ દ્વારા ૨૪ કલાક સર્વિસ ઓનસાઈટ ગ્રાહકોને આપવામાં આવે છે. જે માટે સ્કીલ્ડ અને તાલીમબદ્ધ સર્વિસ ટીમ્સ પાર્ટ્સ વેર હાઉસીસ સાથે સમયસર ઈક્વિપમેન્ટ્સની સુવિધા આપે છે.

ભારતીય માર્કેટમાં ટેકનોલોજીકલ એડવાન્સ્ડ ઈક્વિપમેન્ટ રજૂ કરવામાં પુરોગામી ટાટા હિટાચી હવે એક્સ સિરિઝથી એક્સ સુપર સિરિઝના એક્સકેવેટર્સ અને ઝેડએએક્સઆઈએસ સિરિઝથી ઝેડએએક્સઆઈએસમાં માઈગ્રેટ થઈ છે. જેમાં ઈક્વિપમેન્ટની ઓનલાઈન એક્સેસ, ઓનલાઈન હેલ્થ મોનિટરીંગ સિસ્ટમ વગેરે સામેલ છે. (૧૯-૮)

**Arman Holdings Limited**

Registered Office : 419, Rajhans Heights, Mini Bazar, Varachha Road, Surat– 395006.
Tel : 9586006569. Email ID : armanholdingsltd@gmail.com. Website : www.armanholdings.in
CIN : L65993GJ1982PLC082961

**Extracts of Unaudited Results for the 2nd Quarter and Half Year Ended 30/09/2016**

(Rs. In Lakhs)

| Particulars | Quarter ended 30/09/2016 | Quarter ended 30/09/2015 | Half Year ended 30/09/2016 | Half Year ended 30/09/2015 |
|---|---|---|---|---|
| Particulars | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) |
| Total income from Operations (net) | 38.70 | 76.68 | 132.78 | 145.25 |
| Net Profit from ordinary activities after tax | 0.74 | 0.26 | 1.55 | 1.35 |
| Net Profit for the period (after extraordinary items) | 0.74 | 0.26 | 1.55 | 1.35 |
| Paid-up equity share capital (Face Value of Rs.10/- each) | 521.05 | 521.05 | 521.05 | 521.05 |
| Reserve excluding Revaluation Reserves as per balance sheet # | | | | |
| Earnings Per Share before extraordinary items (of Rs.10/- each) (not annualised): | | | | |
| (a) Basic | 0.014 | 0.005 | 0.030 | 0.026 |
| (b) Diluted | 0.014 | 0.005 | 0.030 | 0.026 |
| Earnings Per Share after extraordinary items (of Rs.10/- each) (not annualised): | | | | |
| (a) Basic | 0.014 | 0.005 | 0.030 | 0.026 |
| (b) Diluted | 0.014 | 0.005 | 0.030 | 0.026 |

# Reserves as on 31/3/2016 is Rs.158.77 Lakhs

1. These unaudited results have been reviewed by audit committee and then taken on record by Board of Directors in their meeting held on 11/11/2016.
2. Figures of the corresponding quarter/ year have been regrouped/ restated wherever necessary.
3. The above is an extract of the detailed format of quarterly Financial Results filed with stock exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarterly Financial Results are available on the Stock Exchange websites www.bseindia.com and on the Company's website www.armanholdings.in.

For Arman Holdings Limited
Sd/-
Deepak Kumar Babel
Managing Director

Date : 11/11/2016
Place : Surat

# મંદી વેળા બ્લેકમનીથી દેશની અર્થવ્યવસ્થાને મદદ મળી હતી

**લખનૌ,** ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે વિવાદાસ્પદ નિવેદન કરીને તમામ લોકોને ચોંકાવી દીધા હતા. અખિલેશ યાદવે આજે કહ્યું હતું કે, આર્થિક મંદીના ગાળા દરમિયાન બ્લેકમનીના લીધે જ ભારતીય અર્થવ્યવસ્થાને ખુબ મદદ મળી હતી. અખિલેશે આજે ચોંકાવનારુ નિવેદન કર્યું હતું અને કહ્યું હતું કે, તેઓ આ મામલે બિલકુલ સ્પષ્ટ કરી દેવા માંગે છે કે, બ્લેકમનીને આગળ વધવાની તક મળવી જોઈએ નહીં પરંતુ આર્થિક નિષ્ણાતોના કહેવા મુજબ વૈશ્વિક આર્થિક મંદી દરમિયાન કાળા નાણાના કારણે જ ભારતમાં આની વધારે અસર જોવા મળી ન હતી. યુપીના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, તેઓ બ્લેકમનીનો જોરદાર વિરોધ કરે છે. તેઓ ઈચ્છતા નથી કે દેશમાં આ પ્રકારના કાળા નાણા આવે. નોંધનીય છે કે, બ્લેકમની પર અંકુશ મુકવા માટે કેન્દ્ર સરકારે ૮મી ડિસેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જુની નોટ બંધ કરવાની જાહેરાતકરી હતી.

સરકારે આ જાહેરાત કરીને તમામને ચોંકાવી દીધા હતા. બેંકોની બહાર જુની નોટ બદલવા માટે હાલ લાંબી લાઈનો જોવા મળી રહી છે. અખિલેશે એમ પણ કહ્યું હતું કે, જે સરકારોએ ગરીબ વિરોધી નિર્ણય કર્યા છે તે સરકારોને સત્તા ગુમાવી પડી છે. નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને ખુબ પરેશાની થઈ રહી છે. નોટ ઉપર પ્રતિબંધથી બ્લેકમની જેવા અસલી મુદ્દાનો ઉકેલ આવશે નહીં. અખિલેશે શનિવારના દિવસે પણ કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવામાં આવે તે જરૂરી છે. લોકો આને લઈને સાવધાન થાય તે પણ જરૂરી છે પરંતુ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ઉપર પ્રતિબંધ મુકવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં. જે લોકો મોટી નોટ રાખી રહ્યા છે તે ૨૦૦૦ની નોટ આવવાની રાહ જોઈ રહ્યા છે. આવી સ્થિતિમાં અફડાતફડી યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગૃહમંત્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. આ ગાળા દરમિયાન ભારે ધાંધલ ધમાલ થઈ હતી.

# બાળ દિવસે સેવલોન દ્વારા સ્વસ્થ ઈન્ડિયા મિશન રજુ કરાયુ




આઈટીસી ના પ્રમુખ સ્વચ્છતા બ્રાન્ડસમાંથી એક અએવા સેવલોન દ્વારા સેવલોન સ્વસ્થ ઈન્ડિયા મિશનની શરુઆત કરવામાં આવી છે. આ માટે સ્કુલોમા વિભિન્ન સામુહિક એવં રુચિપુર્ણ શૈક્ષણિક ગતિગિધિઓ ચલાવાશે. આ કાર્યક્રમ સેવલોન સ્વસ્થ ઈન્ડિયાના ઉદ્દેશ - સ્વસ્થ બાળકો, મજબુત ભારત અંતર્ગત સંચાલિત કરવામાં આવી રહયો છે જે બાળકો ને હાથોની સ્વચ્છતાથી જોડાયેલ આદતો અપનાવવા માટે વાર્તાઓ અને ચિત્રોના સમાવેશ વાળી પરસ્પર સંવાદ વાળી ગતિવિધિયો શરુ કરે છે.

સ્વચ્છતા અને સફાઇ પ્રતિ આઈટીસી ના એકીકૃત દષ્ટિકોણને આના સામાજીક નિવેશ કાર્યક્રમ અંતર્ગત કેટલાક વર્ષો પહેલા શરુ કર્યુ હતુ.

બાળ દિવસ પર સેવલોન સ્વચ્છ ઈન્ડિયા મિશને સેવલોન હેલ્ધી હેન્ડસ ચોક સ્ટિક્સ - સાબુ જેવી ક્લિન્ઝર યુકત ખાસ ચોક સ્ટિકસ સાથે એક અનોખી ગતિવિધી શરુ કરી છે.

સેવલોન હેલ્ધી ચેક ચોક સ્ટીક દ્વારા ચોક પાવડર એક સાબુ જેવા ક્લીન્ઝરમાં તબદીલ થશે . અને ઝાગ બાળકોને હાથ ધોવા માટે આકર્ષિત કરશે.

આ મિશન વિશે આઈટીસી લિમિટેડના ચીફ એકઝીકયુટીવ, પર્સનલ કેર પ્રોડકટ બિઝનેસ, શ્રી સમીર સતપથી એ જણાવ્યુ કે હાથોની સ્વચ્તા માટે બાળકોના વ્યવહારમાં બદલાવ લાવવા માટે સંવાદ અને શિક્ષા ની પ્રક્રિયા રસપ્રદ, આકર્ષક અને યાદગાર હોવી જોઈએ. એ અંતર્ગત સેવલોન ઈન્ડિયાની હેલ્ધી હેન્ડ ચોક સ્ટીક એક સરળ પરંતુ અનોખો પ્રયાસ છે.-

# સિદ્ધાર્થ મલ્હોત્રાએ ન્યુઝિલેન્ડમાં યાદગાર ક્ષણો વિતાવી



ખુબજ ઓછા લોકો જાણતા હશે કે બોલીવુડ અભિનેતા સિદ્ધાર્થ રગ્બી પ્રેમી છે અને તેઓ ઓલ બ્લેક્સના ભુતપૂર્વ કેપ્ટન અને રગ્બી ખેલાડી રિચિ મેકકાઉના મોટા ચાહક પણ છે. સિદ્ધાર્થને વિશ્વના મહાન રગ્બી ખેલાડી રિચિ મેકકાઉ સાથે થોડો સમય વિતાવવાની તક મળતા દરેક ક્ષણ તેમના માટે યાદગાર બની ગઈ હતી.

રગ્બીમાંથી નિવૃત્તિ લીધા બાદ રિચિએ તેમના પસંદગીનું એડવેન્ચર ફલાઈંગ અપનાવ્યું છે અને હાલમાં તેઓ ક્રિસ્ટચર્ચ હેલીકોપ્ટર્સ સાથે હેલીકોપ્ટર પાઈલોટ પણ છે. ન્યુઝિલેન્ડની મુલાકાતે ગયેલા સિદ્ધાર્થને રિચિએ તેમના હેલીકોપ્ટરમાં સવારી કરાવી હતી અને આ દરમિયાન તેમણે રગ્બી, બોલીવુડ, ક્રિકેટ અને ન્યુઝિલેન્ડમાં અન્ય એડવેન્ચર્સ અંગે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી. સિદ્ધાર્થ અને રિચિએ એકબીજા સાથે યાદગાર દિવસ પસાર કર્યો હતો અને તેમણે સાથે મળીને ફ્રેન્ડલી રગ્બી ગેમ પણ રમી હતી.

વિશ્વના મહાન રગ્બી ખેલાડીને મળવાનું સિદ્ધાર્થનું સપનું હકીકત બન્યું છે. તેમણે પોતાની ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "ન્યુઝિલેન્ડના ભુતપૂર્વ ક્રિકેટ કપ્તાન સ્ટીફન ફલેમિંગ સાથે પહેલાં મુલાકાત કર્યા બાદ હવે મહાન રગ્બી ખેલાડી રિચિ મેકકાઉ સાથે મુલાકાત કરી. આનાથી ઉત્તમ શું હોઈ શકે? હું પોતાની જાતને સૌથી વધુ ભાગ્યશાળી માનું છું." (૨૦-૪)


## युनाइटेड बैंक ऑफ़ इंडिया
## United Bank of India

અમદાવાદ રિજીયન, લાલ દરવાજા,
પીબી નં.૧૭૦, યુનાઈટેડ બેંક બિલ્ડિંગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ટેલી.નં.: ૦૭૯-૨૫૫૦૭૦૩૧ / ૨૫૫૦૭૦૩૨
ઈ-મેઈલ: crmahm@unitedbank.co.in

**સરફેસી એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) સાથે વાંચતા સેક્શન ૧૩(૧૩) હેઠળ નોટીસ**

**શ્રી રણજીતસિંહ ચૌહાણ**
**૫૧૦, શ્રીનાથનગર વિસ્તાર**
**એટ અને પો.વીરપુર,**
**હિમ્મતનગર**
**સાબરકાંઠા-૩૮૩૦૦૧**

વિગત : સરફેસી એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) સાથે વાંચતા સેક્શન ૧૩(૧૩) હેઠળ નોટીસ

**એકાઉન્ટ નં. ૧૯૦૨૩૦૦૦૦૦૦૮૨**

તમારા દ્વારા લોનના વિવિધ દસ્તાવેજ આપતા યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા, **હિમ્મતનગર શાખા** તમને લોનની સગવડ આપી હતી તે પરત ચુકવવા અંગે તમે બાંયધરી આપી હતી અને આ લોનની સગવડતા એક્વીટેબલ મોર્ગેઝ અને રજીસ્ટર્ડ મોર્ગેજ માટે **રણજીતસિંહ આર ચૌહાણ (કરજદાર)**એ મિલ્કત મુકી હતી. આ સામે નીચેની રકમ હાઈપોથીકેટેડ અને સંયુક્ત જામીનગીરી સામે બાકી છે તેની વિગત નીચે આપી છે.

| ક્રમ નં. | સુવિધાનો પ્રકાર | ૧૨-૧૦--૨૦૧૬ના રોજ બાકી લેણા ભવિષ્યના વ્યાજ અને આકસ્મિક ખર્ચ સાથે | સિક્યોરિટી |
|---|---|---|---|
| ૧ | ટર્મ લોન | રૂા. ૧૦,૪૦,૧૨૭.૦૦ | શ્રી રણજીતસિંહ આર ચૌહાણના નામે આવેલ ઈક્વિટેબલ મોર્ગેઝ કરાર નં. ૮૦૮૪ પ્લોટ નં. ૬૦ સર્વે નં. ૧, પૈકી / ૬૧ હાઉસ નં. ૬૦ શ્રીનાથનગર (વીરપુર) |

ઉપરોક્ત જણાવેલ નાણાંકીય મદદ લેનાર વ્યક્તિ બેંકની મુજબ રકમ અને તેનું વ્યાજ ભરવામાં અનિયમિત અને નિષ્ફળ ગયા છે તેથી આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે. આ બાકી લેણાંનું ખાતુ **તા. ૩૦-૦૯-૨૦૧૬ના રોજ નોન પરફોર્મીંગ એસેટ** રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જારી કરેલી માર્ગદર્શિકા મુજબ આ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં બેંકે નાણાં પરત મેળવવાનો નિર્ણય કર્યો છે. સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફેસી એક્ટ,૨૦૦૨) તેનો સુધારો એન્ફોર્સમેન્ટ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ રીકવરી ડેબ્ટ લો (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૪ની મળેલી સત્તાની રૂએ નીચે સહી કરનારની સત્તાવાર અધિકારી તરીકે નિમણુંક કરી છે.

આ કહેવાતા કાયદાની કલમ ૧૩(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ બેંકે તેની જવાબદારીઓ સંયુક્ત રીતે અને અલગ-અલગ રીતે **રૂા. ૧૦,૪૦,૧૨૭** (રૂા. દસ લાખ ચાલીસ હજાર એકસો સત્તાવીસ પુરા) તે ઉપરાંત વ્યાજ ખર્ચ, કીંમત આ **નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર** ચૂકવવાનું રહેશે અને તે ચુકવવામાં નિષ્ફળ જશો તો જામીનગીરઓ બાબતે આગળના પગલા લેવામાં આવશે જે ઉપર દર્શાવવામાં આવી છે.

આ કાયદાની કલમ ૧૩(૧૩) પ્રમાણે વધારે જણાવવામાં આવે છે કે તમે લીઝ, વેચાણ આ નોટીસમાં જણાવ્યા પ્રમાણેની ગીરો મિલ્કત અંગેનો કોઈ ભાગ અંગે કાર્યવાહી કરી શકશો નહીં. કોઈપણ કાર્યવાહી બેંકની લેખીત મંજૂરી વગર કરી શકાશે નહીં. સલામત લેણદારને મળેલા હક્કોના આધારે કોઈપણ પૂર્વગ્રહ વિના આ નોટીસ આપવામાં આવી છે કે જે કોઈ કાયદાકીય કાર્યવાહી, જોગવાઈઓ મુજબની જરૂરી કાર્યવાહી કરવાની કે જે કાયદા પ્રમાણેની કોઈ વગલા લેવાના હોય તે બીજી લઈ શકાશે નહી.

આ તમારી જવાબદારી માટે બીલ ડિસ્કાઉન્ટ / બેંક ગેરેન્ટી(એસ)/ એલ/સી(એસ) વિગેરે તમારા વતી કાઢવા માટેના હક્કો બેંકે પોતાની પાસે રાખ્યા છે.

**સહી/-**
**તારીખ : ૧૭-૧૧-૨૦૧૬** **ઓથોરાઈઝ્ડ ઓફીસર**
**સ્થળ : અમદાવાદ** **યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા**



## SHREEJI DYECHEM LIMITED

**Regd. Off.:– B-508, Ganesh Plaza, Fifth Floor, Opp. Navrangpura Bus Stop, Ahmedabad 380 009. CIN: L24110GJ1990PLC013288, Phone: 079-66058291, Fax: 079-30004099, Email: shreejidyechemltd@yahoo.in , Website: shreejidyechem.com**

**EXTRACT OF UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED ON 30.09.2016**

| | Particulars | Quarter Ended | | | Half Year Ended | | Year Ended |
|---|---|---|---|---|---|---|---|
| | | 30.09.2016 | 30.06.2016 | 30.09.2015 | 30.09.2016 | 30.09.2015 | 31.03.2016 |
| | | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Audited |
| 1 | **Total income from operations (net)** | **0.00** | **0.00** | **0.00** | **0.00** | **0.00** | **0.05** |
| 2 | **Net Profit / (Loss) from ordinary activities after tax** | **-1.23** | **(1.45)** | **-1.51** | **-2.68** | **-3.34** | **-5.91** |
| 3 | **Net Profit / (Loss) for the period after tax(after extra ordinary items)** | **-1.23** | **(1.45)** | **-1.51** | **-2.68** | **-3.34** | **-5.91** |
| 4 | Equity Share Capital(Face Value Rs.10/- per share) | 339.10 | 339.10 | 339.10 | 339.10 | 339.10 | 339.10 |
| 5 | Reserve excluding Revaluation Reserves | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | -21.69 |
| 6 | **Earnings per share (before extraordinary items)** | | | | | | |
| | **(of Rs. 10/- each)** | | | | | | |
| | Basic & Diluted | -0.04 | -0.04 | -0.04 | -0.08 | -0.09 | -0.17 |
| 7 | **Earnings per share (after extraordinary items)** | | | | | | |
| | **(of Rs. 10/- each)** | | | | | | |
| | Basic & Diluted | -0.04 | -0.04 | -0.04 | -0.08 | -0.09 | -0.17 |

1) The above result have been taken on record by the Board of Director at its meeting held on 14.11.2016

2) The above is an extract of the detailed format of unaudited Financial Result filled with the Stock Exchange under Regulation 33 of SEBI(LODR). The full format of unaudited Financial Result for the quarter and half year ended on 30.09.2016 are available on the stock exchage website www.bseindia.com and on the company's website www.shreejidyechem.com

**For, Shreeji DyeChem Limited**

sd/-
Amrutbhai Patel
Chairman & Managing Director
Compliance Officer
DIN:02231166

**Date 14.11.2016**
**Place :-Ahmedabad**



## CRESTCHEM LIMITED

**Regn Office Address: Sr. No.550/1, Sub Plot No. 12,**
**Village- Indrad, Taluka- Kadi, Mahesana- 382715**

**PART I UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30th SEPTEMBER, 2016**

**(RS. in Lacs)**

| Sr. No. | Particulars | STANDALONE FINANCIALS | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | | Half Year ended | | For the Year Ended |
| | | 30.09.2016 | 30.06.2016 | 30.09.2015 | 30.09.2016 | 30.09.2015 | 31.03.2016 |
| | | Un-Audited | | | Un-Audited | | Audited |
| 1 | Net Sales / Income from operations | 3.51 | 1.24 | - | 4.75 | 0.06 | 3.70 |
| | Other Operating Income | - | - | - | - | - | - |
| | **Total Income from Operations (net)** | 3.51 | 1.24 | - | 4.75 | 0.06 | 3.70 |
| 2 | Expenditure : | | | | | | |
| | a) Cost of Material Consumed | 2.77 | 1.01 | - | 3.78 | - | 0.09 |
| | b) Purchase of Stock-in-Trade | - | - | - | - | - | - |
| | c)Changes in Inventories of Finished Goods, Work-in-progress and stock-in-trade | 0.01 | (0.03) | - | (0.02) | 0.06 | 1.31 |
| | d) Employee benefits expense | 7.15 | 1.20 | 1.20 | 8.35 | 2.40 | 7.03 |
| | e) Depreciation & amortization expenses | 0.01 | - | - | 0.01 | 0.01 | 0.02 |
| | f) Other Expenses | 3.63 | 5.25 | 3.76 | 8.88 | 5.93 | 10.81 |
| | **g) Total Expenditure (a+b+c+d+e+f))** | 13.57 | 7.43 | 4.96 | 21.00 | 8.40 | 19.26 |
| 3 | **Profit/(Loss) from Operations before other Income, Finance Costs & Exceptional Items (1-2)** | (10.06) | (6.19) | (4.96) | (16.25) | (8.34) | (15.56) |
| 4 | Other Income | 4.38 | 4.19 | 4.33 | 8.57 | 18.87 | 28.98 |
| 5 | **Pofit/(Loss) from ordinary activities before Finance Costs & Exceptional Items (3+4)** | (5.68) | (2.00) | (0.63) | (7.68) | 10.53 | 13.42 |
| 6 | Finance Costs | 1.05 | 0.84 | 0.20 | 1.89 | 0.26 | 1.62 |
| 7 | **Profit/(Loss) from ordinary activities after Finance Costs but before Exceptional Items (5-6)** | (6.73) | (2.84) | (0.83) | (9.57) | 10.27 | 11.80 |
| 8 | Exceptional Items | - | - | - | - | - | - |
| 9 | **Profit (+) /Loss (-) from Ordinary Activities before Tax (7-8)** | (6.73) | (2.84) | (0.83) | (9.57) | 10.27 | 11.80 |
| 10 | Tax Expenses (Provision for Taxation) | | | | | | |
| | (i) Current Tax | - | - | - | - | (1.25) | (3.25) |
| | (ii) Deferred Tax | - | - | - | - | - | - |
| | **Total Tax ( i+ii)** | - | - | - | - | (1.25) | (3.25) |
| 11 | **Net Profit (+) /Loss (-) from Ordinary Activities after Tax (9-10)** | (6.73) | (2.84) | (0.83) | (9.57) | 9.02 | 8.55 |
| 12 | Extraordinary Items (Net of Tax Expenses Rs. NIL). | - | - | - | - | - | - |
| 13 | **Net Profit (+) / Loss (-) for the period (11-12)** | **(6.73)** | **(2.84)** | **(0.83)** | **(9.57)** | **9.02** | **8.55** |
| 14 | **Other Compehensive Income / (expenses)** | - | - | - | - | - | - |
| 15 | Paid-up Equity Share Capital – Face Value of Rs.10 each. | 300.00 | 300.00 | 300.00 | 300.00 | 300.00 | 300.00 |
| 16 | Reserves excluding Revaluation Reserves as per Balance Sheet of Previous accounting year | | | | | | |
| 17 | Earning Per Share (EPS) (In Rs.) | | | | | | |
| | Basic and diluted EPS before & after Extraordinary items for the period, for the year to date and for the previous year (not to be annualised) | | | | | | |
| | BASIC | (0.38) | (0.09) | (0.03) | (0.32) | 0.30 | 0.28 |
| | DILUTED | (0.38) | (0.09) | (0.03) | (0.32) | 0.30 | 0.28 |

**Notes :**

(I) The above Unaudited Financial Results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at its

(II) Results for the quarter ended September 30, 2016 have been prepared in accordance with The Companies (Indian Accounting Standards) Rules, 2015 (IND AS) notified by the Ministry of Corporate Affairs. The results for the quarter ended September 30, 2015 have been restated as per IND AS and are comparable on like to like basis.

(III) The Statutory Auditors of the Company have carried out a "Limited Review"of the above results as per Regulations 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

(IV) The format for above results as prescribed in SEBI's Circular CIR/CFD/CMD/15/2015 dated November 30, 2015 has been modified to comply with requirements of SEBI's Circular dated July 5, 2016, IND AS and Schedule III [Division II] to the Companies Act, 2013 applicable to companies that are required to comply with IND AS.

(V) The Company operates only in one Segment viz. Nutrition-Chemicals Industries.

(VI) Figures for the previous Period have been regrouped, reclassified and restated wherever necessary to make them comparable with the current period's figures.

(VII) The Company has made voluntary adoption of IND-AS from the financial year 2016-17.

(VIII) Statement of reconciliation of net profit reported under IND AS and net profit reported under previous Indian GAAP for the quarter and half year ended September 30, 2015 are as under:

**(Rs. in Lacs)**

| Particulars | | For the Quarter ended 30th September,2015 | For the Half year ended 30th September,2015 |
|---|---|---|---|
| | | Standalone | |
| Net Profit after Tax as per previous Indian GAAP | | (0.83) | 9.02 |
| | | | |
| **ADD / LESS :** | | - | - |
| | | | |
| **Total Comprehensive as per IND AS** | | (0.83) | 9.02 |

**Statement of Assets and Liabilities**

**(Rs. in Lacs)**

| PARTICULARS | As at 30.09.2016 | As at 31.03.2016 |
|---|---|---|
| | Unaudited | Audited |
| **I.ASSETS** | | |
| **(1) Non-Current Assets** | | |
| (a) Property, Plant and Equipment | 3.90 | 3.91 |
| (b) Other Financial Assets | - | 43.00 |
| (c) Other Non-Current Assets | 3.00 | 3.00 |
| **Sub - Total - Non Current Assets** | **6.90** | **49.91** |
| **(2) Current Assets** | | |
| (a) Inventories | 0.46 | 0.07 |
| (b) Financial Assets | | |
| - Trade receivables | 16.27 | 3.53 |
| - Cash and cash equivalents | 13.96 | 4.25 |
| - Other Bank Balances | 105.68 | 68.71 |
| (c) Other Current Assets | 6.24 | 13.72 |
| **Sub - Total - Current Assets** | 142.61 | 90.28 |
| **TOTAL - ASSETS** | **149.51** | **140.19** |
| **II. EQUITY AND LIABILITIES** | | |
| **(1) Equity** | | |
| (a) Equity Share Capital | 300.00 | 300.00 |
| (b) Other Equity | (209.62) | (200.04) |
| **Sub - Total - Equity** | 90.38 | 99.96 |
| **(2) Liabilities** | | |
| Current Liabilities | | |
| Financial Liabilities | | |
| - Borrowings | 51.58 | 34.80 |
| - Trade Payables | 6.01 | 1.42 |
| (b) Other Current Liabilities | 0.25 | 0.49 |
| (c ) Provisions | 1.29 | 3.52 |
| **Sub - Total - Liabilities** | **59.13** | **40.23** |
| **TOTAL - EQUITY AND LIABILITIES** | **149.51** | **140.19** |

Notes:

1. The above Unaudited Financial Results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at its Meeting held on 14th November, 2016 and a limited review of the same has been carried out by the Statutory auditors of the company.
2. The Company operates in only one segment viz. Nutrition-Chemicals Industries.
3. The previous period's figures have been regrouped / rearranged wherever considered necessary.
4. The disclosure is an extract of the Balancesheet as at September 30, 2016 prepared in compliance with the Indian Accounting Standards (Ind-AS).

**For Crestchem Ltd.**
**Sd/-**
**Dipak N Patel**
**(Managing Director)**
**(DIN - 02052080)**

**Place : Indrad (Kadi)**
**Date : 14th November,2016**